હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

સાહેબ, તમે કહો તે ખાવાનું લાવી આપુ... મહેરબાની કરી છીંક ખાશો નહીં...!!

વાત-વાતમાં.....

- વાવોલ-પુન્દ્રાસણ માર્ગ પર આઈશ્રી ખોડિયાર ધામ ખાતે તૃતીય પાટોત્સવ યોજાઈ રહ્યો છે. આ પાટોત્સવમાં શહેરની આશ્રમશાળા, સ્પેશ્યિલ ચિલ્ડ્રન્સ હોમ, મૂકબધિર શાળા જેવી સંસ્થાઓના બાળકોને મહાપ્રસાદ ભોજન માટે લાવવા-લઈ જવાની સુવિધા સાથે આમંત્રવામાં આવ્યાં છે.
- શહેરના ચ-૩ સર્કલે સાંજના ૨૬અવર્સ સમયે કાર્યરત થતા ટ્રાફિક સિગ્નલમાં કાઉન્ટ ડાઉન ઘડિયાળનો એક ડિઝીટ બંધ થઈ જતા વાહનચાલકોને અટકવાનો સમય સમજવામાં ભૂલ પડી રહી છે. આ સમસ્યા શહેરના વધુ કેટલાક ટ્રાફિક સિગ્નલ્સ પર પણ થઈ રહી હોવાનું જાણવા મળ્યું છે.
- શહેરની સેક્ટર-૩૦ની ડમ્પીંગ સાઈટ ખાતે ઘન કચરાના રિસાયકલ માટે લાવવામાં આવેલા શોર્ટીંગ મશીન જાહેર કરાયેલ નિર્ધારિત ઝડપ કરતા ખૂબ ઓછી ઝડપે કામ કરી રહ્યાં હોવાની વાતો જાણવા મળી છે. મશીનોની કામગીરી ધીમી હોવાથી લાખો ટન કચરાનો ક્યારે નિકાલ થઈ રહેશે તે બાબતે ચિંતાજનક સ્થિતિ સર્જાઈ શકે છે.
- ભારત-ન્યુઝિલેન્ડ વચ્ચેની ટી-૨૦ સિરીઝની આખરી મેચમાં સર્જાયેલી રોમાચંક સુપર ઓવરને શહેરીજનોએ ભરપૂર માણી હતી. શહેરના સચિવાલય સહિતની સરકારી ઓફિસો તથા ખાનગી દુકાનોમાં સુપર ઓવર દરમ્યાન કામકાજ થંભી ગયા હતા.

શહેરની હદ વધારવાનો નિર્ણય માત્ર મતોનું ધ્રુવીકરણ અને પ્રજા પર કરવેરાનું ભારણ : શૈલેન્દ્રસિંહ બિહોલા

પહેલા મનપાની હાલની સેવા સુધારણા કરવાની આવશ્યકતા છે વિકસીત ગામોને સમાવી સરકાર કયા વિકાસની જવાબદારી મનપાને સોંપશે

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર શહેરમાં ૧૭ ગામો તેમજ સાત ગામોના સર્વે નંબરો અને એક નગરપાલિકા વિસ્તારને ભેળવવા અંગે સ્થાયી સમિતિએ કરેલા પ્રસ્તાવનો આજે મનપા વિપક્ષના નેતાઓ ભારે વિરોધ નોંધાવ્યો છે. તેમણે આજે અખબારી નિવેદનમાં સુવિકસીત ગ્રામ પંજચાયતોને જ વિકાસના નામે નેસ્ત નાબુદ કરી મતોનું ધૃવીકરણ અને મનપાની તિજોરી ભરવાની સરકારની ચાલ આ બાબતને ગણાવી છે.

શૈલેન્દ્રસિંહ બિહોલાએ આક્ષેપ કર્યો છે કે સમાવેશ થયેલ ગ્રામ પંચાયતોના વિકાસની વાત આગળ કરી સમાવેશ કરાયાનું સરકાર દ્વારા કહેવામાં આવી રહ્યુ છે તો સમાવેશ કરાયેલ ગ્રામ્ય પંચાયતોના રોડ રસ્તા પાણી અને સીસી ટીવી કેમેરાથી પણ ઘણી બધી પંચાયતો સજ્જ છે અને સફાઈમાં ગાંધીનગર શહેર કરતાં પણ ખુબજ સારી અને સઘન સફાઈની કામગીરી થાય છે તો મહાનગરપાલિકા તેમનો કયો વિકાસ કરશે તે સમજાતુ નથી. માત્ર ને માત્ર ગ્રામીણ પ્રજા પાસેથી વેરા વસુલાતનુ ભારણ વધશે.

સ્માર્ટસીટી પ્રોજેક્ટસ માટે સૌને વિશ્વાસમાં લેવા માટે જનમત ભેગો કરવામાં આવ્યો હતો પરંતુ આ માટે કેમ તમારા પક્ષના ચૂંટાયેલા સરપંચો કે સભ્યોને પણ વિશ્વાસમાં લેવાનુ ટાળ્યુ એ હજુ સમજાતુ નથી.

સ્થાયી સમિતિએ જે ગણતરીની મિનિટોમાં પ્રસ્તાવનું વાંચન અને માત્ર આંગળી ઊંચી કરાવવાની કામગીરી કરી કોઈપણ ચર્ચા વિના તે પસાર કર્યો તે પણ અતિ ગંભીર બાબત છે.

બિહેલાઓ ખોરજ-ભાટ અને કોટેશ્વર જેવા દૂરના ગામોનો સમાવેશ કર્યો તો શાહપુર, ચિલોડા, તારાપુર, લવારપુર, ઉવારસદ, નવાપાલજ જેવા ગામોનો સમાવેશ કેમ ટાળવામાં આવ્યો તે પણ સમજાતુ નથી.

શાહપુર, લવારપુર, બાસણ અને પાલજનો ટી.પી. નં. ૨૫માં સમાવેશ કરવામાં આવ્યો છે તો માત્ર પાલજના સર્વે નંબરોને જ કેમ બાકાત રાખવામાં આવ્યા તે ભેદભાવ પણ સમજાતો નથી.

હાલમાં સમાવિષ્ટ ગ્રામ્ય વિસ્તારોના પ્રશ્નો ઉકેલવામાં તંત્ર નિષ્ફળ રહ્યુ છે તો આટલા મોટા વિસ્તારના પ્રશ્નો ક્યારે ઉકેલી શકશે.

મનપા શહેરને જ પીવાનું પાણી ચોખ્ખુ પુરૂ પાડવામાં નિષ્ફળ નિવડેલ છે એટલુ જ નહિ ગ્રામીણ વિસ્તાર જે સમાવિષ્ટ છે ત્યાંના પ્રોપર્ટી કાર્ડના પ્રશ્નોનો ઉકેલ ૧૦ વર્ષથી આવ્યો નથી તો વિસ્તાર વધારવાની ક્યાં આવશ્યકતા છે.

મનપા પાસે પુરતા કર્મચારીઓ કે અધિકારીઓ નથી એટલુ જ નહિ પોતાની કચેરી પણ ભાડાના મકાનમાં બેસે છે, ગટર કે શિક્ષણ આરોગ્યની સેવાઓ પણ તેની પાસે નથી, નથી કોઈ પ્રકારની સત્તાઓ પરંતુ માત્ર ને માત્ર વેરા ઉઘરાવો અને વિકાસની ભ્રામક વાતો કરો એ જ એજન્ડા સરકારનો છે તેથી અમે આ વાતનો વિરોધ કરી રહ્યા છીએ.

સરકારે સ્થાયી સમિતિના આ નિર્ણયમાં પુનઃ વિચારણા કરવી જોઈએ તેવો અમારો સ્પષ્ટ મત છે.

સીએએ અને એનઆરસીનો વિરોધ હજુ શમ્યો નથી. સત્યાગ્રહ છાવણી ખાતે બહુજન સમાજવાદી મૂળ નિવાસીઓએ ધરણાં પ્રદર્શન કર્યા હતા અને સીએએ-એનઆરસીનો વિરોધ કર્યો હતો.

ભંગારની ચોરી કરનાર શખ્સને એલસીબી પોલીસે પકડી પાડ્યો

ગાંધીનગર,તા.૨૯

ગાંધીનગર એલસીબી પીઆઈ જે.જી.વાઘેલાના માર્ગદર્શનમાં ટીમ માણસા વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે સમયે કોન્સ્ટેબલ કરણસિંહને બાતમી મળી હતી કે રામપુરા ગામે રહેતો શંકર રાવળ જી.જે.૧૩.વી-૫૮૦૯ જીપ ડાલામાં ચોરીનો લોખંડનો ભંગાર લઈ કલોલ તરફ જવાનો છે. જેને પગલે એલસીબી ટીમે પરબતપુરા ગામે પાસેથી આરોપીને દબોચી લીધો હતો. ડાલમાં નજર કરતા લોખંડની પ્લેટો, ફર્મા, પટ્ટીઓ, ઈલેક્ટ્રીક મોટર સહિતનો સામાન ભરેલો હતો. આરોપીની પુછતાછ કરતા તેણે કહ્યું હતું કે ડ્રાઈવર તરીકે નોકરી કરે છે અને વીસેક દિવસ પહેલા તેણે કડી ખાતે રહેતા માલાભાઈ સરણીયા સાથે મળી રામપુરા - ઈન્દ્રપુરા રોડ પર આવેલી ગાયત્રી ઈન્ડરસ્ટ્રીઝ કંપનીમાંથી લોખંડના ભંગારની ચોરી કરી હતી. એલસીબીએ ચેક કરતા આ અંગે માણસા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે. પોલીસે લોખંડનો ભંગાર કિં.રૂ.૬ હજાર અને રૂ.૨ લાખનું જીપ ડાલુ જપ્ત કરીને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

ખૂણેખાંચરેથી

- આગામી દિવસોમાં નવેસરથી ફેમીલી હેલ્થ સર્વેની કામગીરી આરોગ્યતંત્ર દ્વારા કરવામાં આવશે.
- ગાંધીનગર મહાનગર-પાલિકાની હદ વિસ્તારવાના મુદ્દે જિલ્લાના રાજકારણમાં મિશ્ર પ્રતિભાવો પડ્યા છે એટલુ જ નહિ ગ્રામ્ય વિસ્તારોમાં ખાટલા પરિષદો શરૂ થઈ ગયા છે.
- સે. ૨૭માંથી ૪૦ જેટલા કેસ કમળાના મળ્યા છે તેને લઈ હરકતમાં આવેલ તંત્રએ પાણીના સપ્લાયમાં પુરતા પ્રમાણમાં ક્લોરીનેશન કરવામાં આવે તેવી કડક તાકીદ કરી છે.
- ગાંધીનગર-અમદાવાદ વચ્ચે એસ.ટી. બસો તેના સમયપત્રકમાં દર્શાવ્યા પ્રમાણે દોડતી નહિ હોવાની ફરિયાદો ઉઠી છે.
- ગાંધીનગર જિલ્લા પંચાયતમાં આજે સતત ત્રીજે દિવસે પણ વિજ પ્રવાહ ખોરવાયો હતો. જે બે કલાક સુધી બંધ રહ્યા બાદ પુનઃ પ્રસ્થાપિત થયો હતો.
- આજે વસંતપંચમીથી લગ્નસરાની ભરપૂર મોસમનો આરંભ થઈ રહ્યો છે. એમાંય ૩૦, ૩૧ અને ૧લીએ ખુબ લગ્નો યોજાયા છે.

આજથી ગાયત્રી પરિવારના ૪૦ દિવસીય સાધના અનુષ્ઠાનનો પ્રારંભ

વિશ્વસ્તરે ૨૪ હજારથી વધુ સાધકો ગાયત્રી મહામંત્રનો જપ જપશે : ગાંધીનગરના સાધકો પણ જોડાશે

ગાંધીનગર, તા. ૨૯

ગાયત્રી પરિવાર દ્વારા તા. ૩૦મી જાન્યુઆરીથી તા. ૧૦મી માર્ચ દરમ્યાન ગાયત્રી મહામંત્રના સમૂહ જાપનું આયોજન કરવામાં આવ્યું છે. આ સમયગાળા દરમ્યાન આશરે ૨૪ હજારથી વધુ સાધકો ગાયત્રી મહામંત્ર જાપ કરવામાં આવશે. આ વિશ્વસ્તરીય સાધના અનુષ્ઠાનમાં ગાંધીનગરના ગાયત્રી પરિવારજનો પણ જોડાશે.

અખિલ વિશ્વ ગાયત્રી પરિવાર દ્વારા મિશનના કાર્યોમાં પ્રખરતા, તીવ્રતા અને પરિજનો પરિષ્કાર થઈ શકે તે હેતુથી વિશ્વસ્તરીય ૪૦ દિવસીય સાધના અનુષ્ઠાન વસંત પર્વ ૨૦૨૦થી ફાગણ પૂર્ણિમા ૨૦૨૦ સુધી એટલે કે તા. ૩૦મી જાન્યુઆરીથી તા. ૧૦મી માર્ચ સુધી આયોજન કરવામાં આવ્યું છે. વિશ્વસ્તરીય સાધના અનુષ્ઠાન યુગ પરિવર્તનના ચક્રને તીવ્ર બનાવવા, આંતકવાદ જેવી આસુરી શક્તિઓના નિરસ્તીકરણ માટે તથા નવસૃજનની ગતિવિધિઓનો શક્તિ અને સંરક્ષણ પ્રદાન કરવા માટે યોજાઈ રહ્યું છે. વિશ્વ સ્તરે અત્યાર સુધીમાં ૨૪ હજાર જેટલા સાધકોની નોંધણી થઈ ચુકી છે તેમજ આ સંખ્યા બમણી થવાનો ગાયત્રી પરિવારજનોને આશાવાદ છે. સળંગ ૪૦ દિવસ સુધી આ અનુષ્ઠાન યોજાશે જેનું કેન્દ્ર હરિદ્વાર ખાતેનું શાંતિકુંજ રહેશે.

આજથી સે. ૨૨ આયુર્વેદ હોસ્પિટલ ખાતે બે દિવસીય યોગાસન શિબિર

ગાંધીનગરના સેક્ટર-૨૨માં સરકારી આયુર્વેદ હોસ્પિટલ ખાતે તા. ૩૦મી જાન્યુઆરી ગુરૂવારથી તા. ૩૧મી જાન્યુઆરી શુક્રવાર સુધી બે દિવસ માટે દરરોજ સવારે ૭ થી ૮.૩૦ કલાક દરમ્યાન યોગાસન શિબિરનું આયોજન કરવામાં આવ્યું છે. યોગાસન શિબિરમાં ક્યુએસઆઈ-વાયએસબી લેવલ-૨ થી પ્રમાણિત થયેલ આયુષ મંત્રાલયના યોગ શિક્ષક શ્રીમતી કે. ઠક્કર જેઓ ૧૦૦૮ નોન સ્ટોપ સૂર્ય નમસ્કારના લિમ્કા બુક ઓફ રેકોર્ડના સભ્ય છે તેઓ તથા સરકારી આયુર્વેદ હોસ્પિટલના યોગ શિક્ષક વર્ષાબેન દવે દ્વારા યોગાસનોની તાલીમ આપવામાં આવશે. આ યોગ શિબિરમાં યોગનું મહત્વ, રોગ સામે યોગ, યોગ સાથેના જીવનનું આજની સ્પર્ધાત્મક દુનિયા સાથેનું મહત્વ વિષયે માર્ગદર્શન પણ આપવામાં આવશે. યોગાસન શિબિરનો લાભ લેવા હોસ્પિટલ દ્વારા જાહેર આમંત્રણ પાઠવવામાં આવ્યુ છે.

ચિલોડા-શિહોલી ગ્રુપ મા. શાળાની બહેનો ગરબા સ્પર્ધામાં જિલ્લાકક્ષાએ પ્રથમ

ચિલોડા-શિહોલી ગ્રુપ માધ્યમિક-ઉચ્ચ માધ્યમિક શાળાની ગરબા રસિક બહેનો ચિલોડા ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ખાતે કલા મહાકુંભમાં યોજાયેલ જિલ્લાકક્ષાની ગરબા સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવી શાળાનુ ગૌરવ વધાર્યુ છે. આ કલા મહાકુંભમાં રાજ્યકક્ષાના નિર્ણાયકોએ મહત્વની ભુમિકા ભજવી હતી. જેમાં ચિલોડા સ્કૂલની બહેનોએ ગરબા સ્પર્ધામાં પ્રથમ નંબર મેળવવા બદલ શાળાના આચાર્ય રમેશભાઈ માકાણી અને માર્ગદર્શન શિક્ષિકા તથા વ્યાયામ શિક્ષક પી.જે. પટેલને અભિનંદન પાઠવ્યા હતા.

સે-૭ પોલીસ સ્ટેશનના એ એસ આઇ વિનોદ બેચરભાઈ સોલંકી છેલ્લા ૨૭ વર્ષથી ગાંધીનગર ડિસ્ટ્રીકટ કોર્ટમાં ફરજ બજાવી રહ્યા છે. તેમની ઉત્કૃષ્ટ સેવા બદલ પ્રજાસત્તાક દિન નિમિત્તે ગૃહ રાજયમંત્રી પ્રદિપસિંહ જાડેજા તેમને પ્રશસ્તિ પત્ર આપી સન્માન કર્યુ હતુ.

શિક્ષણ વિભાગ દ્વારા દહેગામ તાલુકાના પ્રતિભાશાળી શિક્ષકને પુરસ્કાર અપાયો

ચિલોડા, તા. ૨૯

શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા ગાંધીનગર જિલ્લાની દહેગામ તાલુકાના રામાજીના છાપરા પ્રાથમિક શાળાના શિક્ષક ધર્મેશકુમાર ડાહ્યાભાઈ ગજ્જરને પ્રતિભાશાળી શિક્ષક પુરસ્કાર આપવામાં આવ્યો હતો.

આ પુરસ્કાર તેઓએ ઉત્તમ શૈક્ષણિક કાર્ય, શાળાકીય સહઅભ્યાસિક પ્રવૃત્તિઓ, નાવીન્યપૂર્ણ પ્રયોગો, સામાજિક ક્ષેત્ર, રક્તદાન થકી માનવસેવા, કલસ્ટર, તાલુકા, જિલ્લા લેવલે શિક્ષક તાલીમમાં તજજ્ઞ તરીકે સેવા, સીસીઆરટી દિલ્હીની શિલોંગ (મેઘાલય) ખાતે ગાંધીનગર, ગુજરાતનુ પ્રતિનિધિત્વ કરતી તાલીમ, વર્ષોથી ઉનાળુ વેકેશનમાં ચાલતી ડીઆઈઈટી ગાંધીનગરમાં વાંચન શિબિર, સમર કેમ્પ, રાજ્યકક્ષાની પીટીસી પ્રવેશ પ્રક્રિયા કામગીરી, ગણિત-વિજ્ઞાન પ્રદર્શન, રમતગમત વગેરેમાં ઉત્સાહપૂર્વક સક્રિય યોગદાન આપવા બદલ શિક્ષણ વિભાગ, ગુજરાત રાજ્ય દ્વારા અર્પણ કરતા હાર્દિક અભિનંદન પાઠવ્યા હતા.

દહેગામ શહેરમાં પ્રતિભાશાળી શિક્ષકનો પુરસ્કાર મેળવનાર શિક્ષક ધર્મેશકુમાર ડાહ્યાભાઈ ગજ્જરે સર્વ પ્રથમ શિક્ષક છે. આ પુરસ્કાર ગાંધીનગર જિલ્લા પંચાયતના પ્રમુખ ભરતભાઈ બળદેવભાઈ પટેલના હસ્તે વિવિધ પદાધિકારીઓની ઉપસ્થિતિમાં અર્પણ કરવામાં આવ્યો હતો.

તટરક્ષાની તાલીમ મેળવનાર ગુજરાત પોલીસની પહેલી મહિલા આશા ગામિત

ગુજરાત પોલીસમાં સબ ઈન્સ્પેક્ટર તરીકે ફરજ બજાવતી મહિલા આશા ગામિત ભારતીય તટરક્ષક દળ દ્વારા તાલીમ પામેલી પહેલી મહિલા બની છે. આશા ગામિત સહિત કુલ ૧૩ પ્રોબેશ્નર્સ સબ ઈન્સ્પેક્ટર્સે તાલીમ મેળવી હતી.

ઈન્ડિયન કોસ્ટ ગાર્ડના ગાંધીનગર ખાતેના મુખ્ય કાર્યાલય ખાતે આ તાલીમ કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જ્યાં તાલીમાર્થીઓને દરિયાઈ બાબતે સંલગ્ન વિષયો તથા તટરક્ષા અંગે તાલીમ આપવામાં આવી હતી. આ પછી તાલીમાર્થીઓને

તા. ૨૫મી જાન્યુઆરીના રોજથી પોરબંદર જિલ્લા ખાતેના હેડ ક્વાર્ટર નં. ૧ ખાતે તાલીમ આપવામાં આવી હતી જે ભારતીય તટરક્ષક દળના જહાજ પર યોજાઈ હતી. તટરક્ષક દળ દ્વારા દરિયાઈ પોલીસને તાલીમ આપી રહી છે જે અંતર્ગત પહેલીવાર ગુજરાત પોલીસના કર્મીઓએ તાલીમ મેળવી હતી. તાલીમ કાર્યક્રમના સમાપને તાલીમાર્થીઓને પ્રમાણપત્ર તથા સ્મૃતિચિહ્ન અર્પણ કરાયા હતા.

મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવેશની દરખાસ્તથી વાવોલ સહિતના ગુડા વિસ્તારોમાં આનંદની લહેર

ગાંધીનગર, તા. ૨૯

ગાંધીનગર મહાનગર પાલિકાની સીમા વધારીને વિકાસની ગતિને તેજ બનાવવા શહેરની આસપાસના ગુડા તથા ગ્રામ્ય વિસ્તારને કોર્પોરેશનમાં સમાવી લેવાની દરખાસ્ત મનપામાં મુકવામાં આવી છે. આ દરખાસ્તને પગલે શહેરના ગુડા વિસ્તારો જેવા કે વાવોલ, સરગાસણ ચાર રસ્તા, કુડાસણ, રાયસણ, રાંદેસણ વગેરેના નવવિકસિત સોસાયટી વિસ્તારમાં આનંદની લહેર પ્રસરવા પામી છે.

શહેરના ગુડા વિસ્તારોમાં ખાસ કરીને વાવોલ ખાતે વિકસેલા સોસાયટી વિસ્તારના રહીશોમાં ગાંધીનગર મ્યુનિસિપલ કોર્પોરેશનમાં સમાવિષ્ટ થવાની દરખાસ્ત મુકવાથી સવિશેષ હર્ષની લાગણી પ્રવર્તી રહેલી જણાય છે. આ વિસ્તારમાં મોટે ભાગે રહીશો આસપાસના ગ્રામ્ય વિસ્તારો તથા સાબરકાંઠા, અરવલ્લી, મહેસાણા, બનાસકાંઠા, સૌરાષ્ટ્ર તેમજ દક્ષિણ-મધ્ય ગુજરાતના કેટલાક ભાગોમાંથી નોકરી વ્યવસાય અથવા બાળકોના શિક્ષણની સમસ્યાને પગલે સ્થળાંતર કરીને આવીને વસેલા છે. વાવોલ સહિતના મોટા ભાગના ગુડા વિસ્તારોમાં હજુ પણ પીવાના શુદ્ધ પામીથી માંડીને ગટર-રોડ-રસ્તા, સ્ટ્રીટલાઈટ જેવી પાયાની સુવિધાઓ સંતોષકારક જોવા મળતી નથી જેને કારણે આ રહીશોને ભારે પરેશાનીનો ભોગ બનવું પડી રહ્યું છે. આ વિસ્તારોનો ગાંધીનગર મ્યુનિસિપિલ કોપ્રોરેશનમાં સમાવેશ થવાથી પાયાની સુવિધાઓનો વિકાસ ઝડપી બનશે તેવો આશાવાદ પ્રવર્તી રહ્યો હોવાથી આ દરખાસ્તના કારણે ખાસ કરીને સોસાયટી વિસ્તારોમાં આનંદની લાગણી જોવા મળી રહી છે. બીજી તરફ આ વિસ્તારના મૂળભૂત સ્થાનિક ગ્રામીણ રહીશો ગ્રામ પંચાયતના સ્થાને મ્યુનિસિપલ કોર્પોરેશન આાવવાથી કરવેરામાં વધારો થવાની ભીતિ સેવી રહ્યાં છે તથા સ્થાનિક રાજકારણનું ચિત્ર બદલાઈ શકે તેમ શક્યતાઓ પણ જોઈ રહ્યાં છે.

પત્રકાર લક્ષ્મણભાઈ પટેલના પિતાનુ દુઃખદ અવસાન

ભારત ટાઈમ્સ દૈનિકના તંત્રી લક્ષ્મણભાઈ પટેલના પિતા બાબુભાઈ પટેલનુ આજે સવારે ૯૮ વર્ષની વયે દુખદ અવસાન થયુ છે. સદગતની અંતિમ યાત્રા આજે સે-૧૯ સ્થિત તેમના નિવાસ સ્થાનેથી સાંજે ૫ કલાકે નિકળી હતી. અંતિમ યાત્રામાં પત્રકારો, નગરના અગ્રણીઓ-નગરજનો મોટી સંખ્યામાં જોડાયા હતા. સદગતનુ બેસણુ સવારે ૮-૩૦ કલાકે તેમના નિવાસ સ્થાન ૨૩૬ : ૨ ઘ ટાઈપ સે -૧૯ ખાતે રાખવામાં આવ્યુ છે.

આજથી જિલ્લામાં ત્રિદિવસીય પોષણ અભિયાન

ગાંધીનગર જિલ્લામાં આજથી ત્રિદિવસીય ગુજરાત પોષણ અભિયાન-૨૦૨૦-૨૨નો આરંભ થાય છે. ગુજરાત પોષણ અભિયાનનો આરંભ ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજાના હસ્તે જિલ્લા પંચાયતની સીટ ચિલોડા (નરોડા)ના લીબંડિયા ગામ ખાતેથી સવારના ૧૦.૩૦ કલાકે કરાશે.

ગુજરાત રાજયને કુપોષણ મુક્ત બનાવવાના ઉમદા આશયથી રાજય સરકાર દ્વારા સમગ્ર ગુજરાતમાં ગુજરાત પોષણ અભિયાન- ૨૦૨૦-૨૦૨૨નો આરંભ કરવામાં આવ્યો છે. જે અંતર્ગત ગાંધીનગર ખાતે ૩૦, ૩૧મી જાન્યુઆરી, ૨૦૨૦ના રોજ ગ્રામ્યકક્ષાએ અને ૩૧મી જાન્યુઆરીના રોજ શહેર કક્ષાએ આ અભિયાન યોજાશે. જિલ્લામાં ગુજરાત પોષણ અભિયાન ગાંધીનગર જિલ્લા પંચાયત સીટ દીઢ એક કાર્યક્રમ મળી કુલ-૩૦, ચાર નગરપાલિકા અને ગાંધીનગર મહાનગરપાલિકા મળી કુલ-૩૫ કાર્યક્રમો ત્રણ દિવસ દરમ્યાન યોજવામાં આવશે.

૩૦મીના રોજ લીંબડિયા ગામ ખાતે કાર્યક્રમનો આરંભ કરાવી ગૃહ રાજય મંત્રી પ્રદિપસિંહ જાડેજા બપોરના ૨ કલાકે કુડાસણ પ્રાથમિક શાળામાં આયોજીત આ અભિયાન કાર્યક્રમમાં ઉપસ્થિત રેહશે. તે ઉપરાંત ૩૧મી જાન્યુઆરીના રોજ મંત્રીશ્રી સવારના ૧૦.૩૦ કલાકે આમજા અને બપોરના ૨ કલાકે નારદીપુર ખાતે યોજાનાર કાર્યક્રમાં સહભાગી બનશે. મંત્રી પ્રદિપસિંહ જાડેજા ૧ ફેબ્રુઆરી, ૨૦૨૦ના રોજ સવારના ૧૦.૩૦ કલાકે ગાંધીનગર મહાનગરપાલિકા વિસ્તારમાં સમાવિષ્ટ સ્વામી વિવેકાનંદ શાળા, સેકટર-૧૨ ખાતે અને બપોરના ૨ ના રોજ પેથાપુર નગરપાલિકા દ્વારા રામજી મંદિર, પેથાપુર ખાતે યોજાનાર પોષણ અભિયાન કાર્યક્રમમાં ઉપસ્થિત રેહશે.

ગાંધીનગર જિલ્લા પ્રભારી સચિવ સંજીવકુમાર ૩૦ મી જાન્યુઆરીના રોજ દહેગામ તાલુકાના હરખજીના મુવાડા અને કડજોદરા ગામ અને ૩૧મી જાન્યુઆરીના રોજ ગાંધીનગર તાલુકાના કોલવડા અને રાંધેજા ખાતે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. ૧ ફેબ્રુઆરીના રોજ દહેગામ નગરપાલિકા વિસ્તારમાં દહેગામ કન્યા શાળા પરા પ્રાથમિક શાળ ખાતે યોજાનાર કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે.

તે ઉપરાંત પર્સન વીથ ડિસએબીલીટીના કમિશનર ડી.એન. પાંડે ૩૦મીના રોજ કલોલના સાંતેજ અને મોટી ભોયણ, ૩૧મી જાન્યુઆરીના માણસાના લોદરા અને બદપુરા ગામમાં, નાયબ વનસંરક્ષક, મોનિટરિંગ એમ.વી. પરમાર ૩૦મીના રોજ કલોલના પલીયડ અને બોરીસણા અને ૩૧મીના રોજ સાદરા તથા નાંદોલ ખાતે, કાયદો અને વ્યવસ્થાના ઈન્ચાર્જ એ.ડી.જી.પી. ડૉ. નિરજા ગોટરૂ ૩૦મીના રોજ માણસાના બિલોદરા અને સમૌ, ૩૧મીના રોજ દહેગામના અમરાજીના મુવાડા અને બહિયલ ખાતે, ઈન્ચાર્જ પોલીસ મહાનિરીક્ષક અને ગુજરાત પોલીસ અકાદમી, કરાઈના આચાર્ય મયંકસિંહ ચાવડા ૩૦મીના રોજ ઉવારસદ અને વાવોલ તથા ૩૧મીના રોજ ઈટાદરા અને ચરાડા ગામ ખાતે, મુખ્ય વનસંરક્ષક, વિજિલન્સ ફ્રેન્કલીન એલ. ૩૦મીના રોજ ગાંધીનગરના શિહોલી અને ડભોડા, ૩૧મીના રોજ ઘારીસણા-રખિયાલ ગામ ખાતે ગુજરાત જૈવવિવિધતા બોર્ડના નાયબ વન સંરક્ષક એ.ઈ. સેમ્યુઅલ ૧ ફેબ્રુઆરીના રોજ માણસા નગરપાલિકા-કલોલ નગરપાલિકામાં યોજાનાર પોષણ અભિયાનમાં ઉપસ્થિત રેહશે.

જાહેર નિવિદા નં. ૭ (એસ.કે) વર્ષ ૨૦૧૯-૨૦૨૦

કાર્યપાલક ઈજનેરશ્રી, કાંસ વિભાગ, ગાંધીનગર સ્ટેટ વૉટર ડેટા સેન્ટર બિલ્ડીંગ, સેક્ટર-૮, ગાંધીનગર-૩૮૨૦૦૮ ફોન નં. ૦૭૯-૨૩૨૪૮૦૦૬ દ્વારા નીચે દર્શાવેલ આવા પ્રકારના કામનો બહોળો અનુભવ ધરાવતી સ્થાનિક બજારમાં કામ કરતી, પ્રિન્ટીંગ પ્રેસ, જી.એસ.ટી., પાન નંબર ધરાવતી એજન્સીઓ પાસેથી ઓનલાઈન ટેન્ડરો (ઈ-ટેન્ડરીંગ પદ્ધતિ)થી વાર્ષિક ધોરણે ભાવો મંગાવવામાં આવે છે.

કામનું નામ	૧) બાનાની રકમ ૨) ટેન્ડર ફી (રૂા.)
જળસંપત્તિ વિભાગ માટે ઓફસેટમાં સિંગલ/મલ્ટીકલર ડીઝાઈનીંગ એન્ડ પ્રિન્ટીંગ ઓફ બુકલેટ, પેમ્ફલેટ, પોસ્ટર, કેલેન્ડર, ગ્રીટીંગ્સ/ ઈન્વીટેશન કાર્ડ વીથ કવર, ડીજીટલ પ્રિન્ટીંગ, કોફી ટેબલ બુક વિગેરે બનાવી આપી પુરા પાડવાનું કામ	૧) ૧૦,૦૦૦/- ૨) ૯૦૦/-

ટેન્ડરના દસ્તાવેજો વેબસાઈટ www.nwr.nprocure.com ઉપરથી તા. ૨૯/૧/૨૦૨૦ થી તા. ૧૨/૨/૨૦૨૦, ૧૮-૦૦ કલાક સુધી ડાઉનલોડ / અપલોડ કરી શકાશે. ટેન્ડર ડૉક્યુમેન્ટ, ટેન્ડર ફી અને ઈ.એમ.ડી. (ઓછામાં ઓછી ૧૮૦ દિવસ મુદતની જોડવી) ફીઝીકલ દસ્તાવેજો તા. ૧૩/૨/૨૦૨૦થી તા. ૧૮/૨/૨૦૨૦ સમય ૧૬.૦૦ કલાક સુધી રજી.પો.એ.ડી./ સ્પીડ પોસ્ટથી સ્વિકારવામાં આવશે. ટેન્ડર ખોલવાની તા. ૧૮/૨/૨૦૨૦, ૧૭.૦૦ કલાકે છે. વધુ તમામ માહિતી વેબસાઈટ www.nwr.nprocure.com પરથી મેળવી શકાશે. કવર પર કામનું નામ અને ટેન્ડર આઈ.ડી. નંબર અવશ્ય લખવાનો રહેશે.

માહિતી/૨૧૬૩/૧૯-૨૦